©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 05th JULY, 2025/ASHADHA 14, 1947 [No. 3681

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

"નમુનો-ઝ"

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

(નિયમ-૨૬(૧) અને ૨૬(૩))

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (કોઠારીયા)

નં. નરયો/નં. ૩૦ (કોઠારીયા)/ફરજો/પ્રસિધ્ધ/૧૦૬૯/૨૦૨૫.-હું નીચે સહી કરનાર, નગર રચના અધિકારી,નગર નિયોજક-૨, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરુ છું કે, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૩-૦૫-૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક : GH/V/171 OF 2025/UDUHD/TPS/e-file/18/2024/7388/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (કોઠારીયા) મંજુર થયેલ છે. સરકારશ્રીના તા. ૧૩-૦૫-૨૦૨૫ ના અસાધારણ રાજ્યપત્ર ભાગ IV-B ના પાના નં. ૨૧૩-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૧૩-૦૫-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૧૭૨/UDUHD/TPS/e-file/18/2024/7388/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (કોઠારીયા) ને અંતિમ કરવા સારૂ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ નગર નિયોજક-૨, પ્રવર નગર નિયોજકની કચેરી, નગર રચના યોજના એકમ, રાજકોટની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક કરવામાં આવેલ છે.

આમ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે મેં, તા. ૦૨-૦૭-૨૦૨૫ ને બુધવારના રોજ નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે.

ઉપરોક્ત નગર રચના યોજનાની ચતુ:સીમા અને હદ નીચે મુજબ છે.

ઉતરે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯(કોઠારીયા) ની હદ આવેલ છે.

દક્ષિણે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા) તથા કોઠારીયા ગામતળ આવેલ છે.

પૂર્વે : ખોખડદળ નદી તથા કોઠારીયા ગામતળ આવેલ છે.

પશ્ચિમે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮(કોઠારીયા) તથા સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(કોઠારીયા) વિસ્તારની હદ આવેલ છે.

ઉપરોકત ચતુઃસીમામાં સમાવિષ્ટ મોજે;કોઠારીયાના રે.સર્વે નંબરો નીચે મુજબ છે.

૧, ૧૨૬, ૧૨૭, ૧૭૩, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩પૈકી, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨તથા૩૫૨ પૈકી.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ-૨૬(૩) થી ફરમાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને/જમીન માલિકોને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતોથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલ બાબતો સંબંધમાં સરકારશ્રીના રાજ્યપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ૨૦(વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં જણાવવા. સદરનગર રચના યોજનાથી પ્રતિકુળ અસર પામેલી કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાનીનો દાવો કરવા માટે હક્કદાર છે અને તેમણે તેમના દાવાની વિગતો આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પુરાવાઓ સાથે નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જણાવવી.

સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (કોઠારીયા)ના મુસદ્દાની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ, નમુનાઓ સાથે જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નીચે જણાવેલ કચેરીના સરનામે યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા : ૦૨-૦૭-૨૦૨૫
સ્થળ : રાજકોટ

સહિ/- અવાચ્ય
નગર રચના અધિકારી,
નગર નિયોજક-૨,
રાજકોટ નગર રચના યોજના,
રાજકોટ.

કચેરીનુ હાલનું સરનામુ :-
નગર રચના અધિકારીની કચેરી, નગર નિયોજક-૨, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ,
ઠે. આર.એમ.સી. મલ્ટીએકટીવીટી સેન્ટર, પ્રથમ માળ, નાનામવા સર્કલ,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

''નમુનો-ઝ''

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
(નિયમ-૨૬(૧) અને ૨૬(૩))
મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (કોઠારીયા)

નં. નરયો/નં. ૩૧ (કોઠારીયા)/ફરજો/પ્રસિધ્ધ/૧૦૭૨/૨૦૨૫.-હું નીચે સહી કરનાર, નગર રચના અધિકારી, નગર નિયોજક-૨, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરુ છું કે, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૦૯-૦૫-૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક : GH/V/163 OF 2025/UDUHD/TPS/e-file/18/2024/7389/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (કોઠારીયા) મંજુર થયેલ છે.સરકારશ્રીના તા. ૧૨-૦૫-૨૦૨૫ ના અસાધારણ રાજ્યપત્ર ભાગ IV-B ના પાના નં. ૨૦૮-૧૩૫૨ પ્રસિધ્ધ થયેલ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૦૯-૦૫-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૧૬૪/UDUHD/TPS/e-file/18/2024/7389/L થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (કોઠારીયા) ને અંતિમ કરવા સારૂ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ અધિસુચનામાં જણાવ્યા મુજબ નગર નિયોજક-૨, પ્રવર નગર નિયોજકની કચેરી, નગર રચના યોજના એકમ, રાજકોટની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક કરવામાં આવેલ છે.

આમ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે મેં તા. ૦૨-૦૭-૨૦૨૫ ને બુધવારના રોજ નગર રચના અધિકારી તરીકેની મારી ફરજો સંભાળી લીધેલ છે.

ઉપરોક્ત નગર રચના યોજનાની ચતુઃસીમા અને હદ નીચે મુજબ છે.

ઉતરે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮(કોઠારીયા)ની હદ આવેલ છે.

દક્ષિણે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા) તથા કોઠારીયાનાં સર્વે નં. (નોન ટી.પી. વિસ્તાર) આવેલ છે.

પૂર્વે : સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦(કોઠારીયા) તથા સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮ (કોઠારીયા) આવેલ છે.

પશ્ચિમે : હયાત રેલ્વે ટ્રેક, નેશનલ હાઈવે તથા કોઠારીયાનાં સર્વે નં. (નોન ટી.પી. વિસ્તાર)ની હદ આવેલ છે.

ઉપરોક્ત ચતુઃસીમામાં સમાવિષ્ટ મોજે : કોઠારીયાના સર્વે નંબરો નીચે મુજબ છે.

૧૯૨પૈકી, ૧૯૩, ૧૯૪, ૧૯૬, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯+૨૨૦+૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૨, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૩૫૨પૈકી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ -૨૬(૩) થી ફરમાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યકિતઓને/જમીન માલિકોને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતોથી અસર પામેલી વ્યકિતઓને જાણ કરું છું કે,તેઓએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલ બાબતો સંબંધમાં સરકારશ્રીના રાજ્યપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ૨૦ દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખીતમાં જણાવવા. સદરનગર રચના યોજનાથીપ્રતિકુળ અસર પામેલી કોઈપણ વ્યકિત ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાનીનો દાવો કરવા માટે હક્કદાર છે અને તેમણે તેમના દાવાની વિગતો આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પુરાવાઓ સાથે નીચે સહિ કરનાર નગર રચના અધિકારીને જણાવવી.

સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(કોઠારીયા)ના મુસદ્દાની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ, નમુનાઓ સાથે જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નીચે જણાવેલ કચેરીના સરનામે યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા : ૦૨-૦૭-૨૦૨૫
સ્થળ : રાજકોટ

સહિ/- અવાચ્ય
નગર રચના અધિકારી,
નગર નિયોજક-૨,
રાજકોટ નગર રચના યોજના,
રાજકોટ.

કચેરીનુ હાલનું સરનામુ :-
નગર રચના અધિકારીની કચેરી, નગર નિયોજક-૨, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ,
ઠે. આર.એમ.સી. મલ્ટીએકટીવીટી સેન્ટર, પ્રથમ માળ, નાનામવા સર્કલ,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.07 15:09:33 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot